APRIL-MAY-JUNE-2025

# સહકાર સમન્વય

www.rnsbindia.com

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.નું મુખપત્ર

## નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પ્રગતિશીલ પરિણામો



**સતત પાંચમા વર્ષે નેટ એનપીએ "ZERO"**

**સી.ડી. રેશિયો 65.40%**

| બિઝનેસ | નફો | ડિપોઝીટ | ધિરાણ |
|---|---|---|---|
| ₹ 10,657 કરોડ | ₹ 144.72 કરોડ | ₹ 6,443 કરોડ | ₹ 4,214 કરોડ |



બેંકની સભાસદ ભેટ ૨૦૨૪ : સફળતાપૂર્વક વિતરણ

**નાના માણસની મોટી બેંક | સહકારથી સમૃદ્ધિ**

PROUDLY CO-OPERATIVE



કાર લોન
ફક્ત 8%
ઝીરો પ્રિ-ક્લોઝર / પાર્ટ પેમેન્ટ ચાર્જીસ
ફિક્સ વ્યાજદર
મોર્ગેજની જરૂર નહિ
સંપર્ક : 95707 80707
જો કારની કિંમત રૂા. ૧૦ લાખ હોય અને
૭ વર્ષની લોન હોય તો અન્ય કરતાં રૂા. ૪૨ હજારનો ચોખ્ખો ફાયદો




સોના ધિરાણ
71 પૈસા
માસિક વ્યાજ*
પ્રતિ ગ્રામે
મહત્તમ રકમનું ધિરાણ
૩૦ મિનિટમાં જ ધિરાણ
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
8.49 % વાર્ષિક વ્યાજ
કોઇ છૂપો ચાર્જ નહીં
લોન તેમ જ ઓવરડ્રાફ્ટ સ્વરૂપે ધિરાણની સુવિધા
ત્વરિત પેમેન્ટ
*શરતોને આધીન
નજીકની શાખાનો સંપર્ક કરો અથવા
મો. ૯૪૨૮૨ ૮૬૨૬૮ પર મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો.



## રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. : વૈશ્વિક પ્રતિકૂળતાની વચ્ચે વિકાસની આગેકૂચ

બેંકની વિકાસયાત્રા ૭૨ વર્ષથી નિરંતર ચાલ્યા જ કરે છે. આપના તથા બેંકના નિષ્ઠાવાન શેરહોલ્ડર્સ અને ખાતાધારકોના અપ્રતિમ વિશ્વાસ આ બેંકને સતત આગળ વધવા પ્રેરણા આપ્યા કરે છે. વિશ્વાસની આ યાત્રામાં સંનિષ્ઠ અને કર્મઠ કર્મચારીગણની લગાતાર મહેનતભરી સેવાઓના પરિણામે વર્ષ ૨૦૨૪–૨૫ના અંતે આપણે રૂા. ૧૪૪.૭૨ કરોડનો ગ્રોસ પ્રોફિટ હાંસલ કરવા સક્ષમ બન્યા છીએ.

આપ સહુ જાણો છો તેમ, પ્રતિકૂળ વૈશ્વિક પરિસ્થિતિ અને શેરબજારની અનિશ્ચિતતાઓ / અસ્થિરતાના કારણે ગત વર્ષ વ્યાપાર / ઉદ્યોગજગત માટે અત્યંત પડકારજનક રહ્યું.

વૈશ્વિક આર્થિક પ્રતિકૂળતા અને આઉટસોર્સિંગમાં આવેલ કાપને લીધે આઇ.ટી. ક્ષેત્રમાં ઘણા પડકારોનો સામનો કરવાનો થયો છે. સ્વાભાવિક છે કે આપણા દેશમાં પણ વૈશ્વિક આઇ.ટી. કંપનીઓ તેમજ આપણા દેશની અગ્રણી કંપનીઓમાં તેની અસર પહોંચી છે. આપણા દેશની અગ્રણી આઇ.ટી. કંપનીઓમાં કર્મચારીઓની સંખ્યામાં મોટાપાયે કાપ મુકાયો છે અને મોટી સંખ્યામાં કર્મચારીઓની છટણી થઇ રહી છે. જેના પરિણામે અર્થતંત્ર પર પ્રતિકૂળ અસર થઇ છે. આશા છે કે આ પરિસ્થિતિ ઝડપથી સુધરી જશે. અન્ય ઉદ્યોગોને પણ ઓછાવત્તા અંશે અન્ય કારણોથી પણ આવી સ્થિતિમાંથી પસાર થવાનું બન્યું છે.

અમેરિકામાં ૨૦૨૫ના પ્રારંભમાં શાસનમાં પરિવર્તન થવાથી વૈશ્વિક ટેરિફ યુદ્ધ છેડાઇ ગયું છે. જેના પરિણામે અર્થતંત્રમાં પર વધુ અસ્થિરતા આવી છે. ભારતીય શેરબજારને લાગે વળગે છે ત્યાં સુધી, તેમાં ઝડપથી રિકવરી આવતી જાય છે. ભારતના શાસકો અને રિઝર્વ બેંક ઓફ ઇંડિયાના તકેદારીભર્યા પગલાંને કારણે આપણું અર્થતંત્ર ઝડપથી ઉપર આવતું જાય છે.

આ બધા સંજોગોના પ્રકાશમાં આપણી બેંકનો વિકાસ, કુલ બિઝનેસ મિક્સ રૂા. ૧૦,૬૫૭ કરોડ, ડિપોઝીટ રૂા. ૬,૪૪૩ કરોડ, ધિરાણ રૂા. ૪,૨૧૪ કરોડ, ગ્રોસ નફો રૂા. ૧૪૪.૭૨ કરોડ, સી.ડી. રેશિયો ૬૫.૪૦ %, ઉપરાંત સતત પાંચમા વર્ષે ઝીરો નેટ એનપીએ પ્રશંસનીય છે.

અપ્રતિમ પરીણામો માટે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી સર્વેનો આભાર.

**દિનેશ પાઠક – ચેરમેન**

**સહકાર સમન્વય**
એપ્રિલ/મે/જૂન ૨૦૨૫
www.rnsbindia.com
alpeshmehta@rnsbindia.com
તંત્રી : અલ્પેશ જયસુખલાલ મહેતા
મુદ્રક અને પ્રકાશક : વિનોદ કુમાર શર્મા
માલિક : રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
પ્રકાશક સ્થળ : 'અરવિંદભાઈ મણીઆર નાગરિક સેવાલય' ૧૫૦ ફુટ રીંગ રોડ, રૈયા સર્કલ પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૫.
ફોન : ૨૫૫૫૫૫૫, ૨૫૫૫૮૬૪
મુદ્રણ સ્થળ :
પ્રિન્ટ ટાઉન પ્રા. લી.
કિશોર કુંજ, ૧/૧૭ રામકૃષ્ણનગર, રાજકોટ. Mo. 9428226699
Email : Info@parshvaprinters.com,
Web : Www.parshvaprinters.com
RNI Regn. No. GUJGUJ/2013/49787
Year : 9 Issue : 4 Page : 20

# ધિરાણના વ્યાજદર

પ્રવર્તમાન સમયે

| ક્રમ | ધિરાણનો પ્રકાર | કોલેટરલ/વધારાની સિક્યુરિટી નું પ્રમાણ અને વ્યાજનો દર | | | |
|---|---|---|---|---|---|
| | | સ્પે.પ્લેટીનમ ગ્રૂપ | પ્લેટીનમ ગ્રૂપ | ગોલ્ડ ગ્રૂપ | સિલ્વર ગ્રૂપ નિયતથી ઓછી વxસિ |
| (અ) | **ધંધા / ઔદ્યોગિક ધિરાણ** | % | % | % | % |
| ૧) | કેશક્રેડિટ/હાઈપોથિકેશન/પ્લેજ તેમ જ લોન/એસાઈનમેન્ટ ઓફ લીઝ રેન્ટલ લોન | | | | |
| | રૂા. ૫ કરોડ સુધી | ૯.૨૫ | ૯.૭૫ | ૧૦.૭૫ | ૧૨.૦૦ |
| | રૂા. ૫ કરોડથી વધુ | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| ૧અ) | કેશક્રેડિટ કોમર્શિયલ રિયલ એસ્ટેટ | | | | |
| | ૩ વર્ષ સુધી | ૧૨.૦૦ | | ૧૩.૦૦ | – |
| | ૩ વર્ષથી વધુ ૫ વર્ષ સુધી | ૧૩.૦૦ | | ૧૪.૦૦ | – |
| | ૫ વર્ષથી વધુ | ૧૪.૦૦ | | ૧૫.૦૦ | – |
| | * ઉપરોક્ત વ્યાજદર નવી મંજૂર થનાર બિલ્ડર સી.સી. સવલતને લાગુ પડશે. (રેટીંગનો લાભ આપવાપાત્ર થશે નહિ.)<br>* હાલ ચાલુ બિલ્ડર સી.સી. સવલત રિવ્યુ સમયે સવલતનો ચાલુ વ્યાજદર જ ઠેરવવાનો રહેશે. પરંતુ, કોઈ પણ પ્રકારના રેટીંગનો લાભ આપવાપાત્ર થશે નહિ. | | | | |
| ૨) | ટર્મ લોન / ડિમાન્ડ લોન | | | | |
| | (૧) ઔદ્યોગિક મશીનરી / ફર્નીચર | | | | |
| | રૂા. ૫ કરોડ સુધી ઔદ્યોગિક મશીનરી | ૯.૦૦ | ૯.૫૦ | ૧૦.૫૦ | ૧૧.૫૦ |
| | રૂા. ૫ કરોડથી વધુ ઔદ્યોગિક મશીનરી | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| | ફર્નિચર લોન | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| | (૨) વાહન/ગૃહ ઉપયોગી આર્ટીકલ્સ (વધારાની સિક્યુરિટી આપેલ હોય ત્યારે) | ૧૦.૫૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ | ૧૩.૦૦ |
| | વાહન/ગૃહ ઉપયોગી આર્ટીકલ્સ (વધારાની સિક્યુરિટી સિવાય) | ૧૩.૦૦ | | | |
| | (૩) નવી કાર લોન યોજના | ૮.૦૦ થી | | | |
| | (૪) સરલ ધિરાણ | ૧૧.૦૦ | ૧૧.૫૦ | ૧૨.૦૦ | – |
| | (૫) ઔદ્યોગિક/કોમર્શિયલ/સ્થાવર મિલકત ખરીદી | ૧૦.૦૦ | | | ૧૧.૦૦ (મંજૂરી મેળવી માર્જીન ૨૦ %થી ઓછું સ્વીકારેલ હોય ત્યારે) |
| | (૬) ઔદ્યોગિક/કોમર્શિયલ/સ્થાવર મિલકત બાંધકામ | ૯.૫૦ | ૯.૭૫ | ૧૦.૦૦ | ૧૧.૦૦ (મંજૂરી મેળવી માર્જીન ૨૦ %થી ઓછું સ્વીકારેલ હોય ત્યારે) |
| (બ) | **સ્થાવર મિલકત અને યોજનાકીય ધિરાણ** | માર્જીન ૫૦ % | માર્જીન ૪૦ % | માર્જીન ૩૦ % | માર્જીન ૨૦ % |
| ૧) | હાઉસિંગ સ્થાવર મિલકત ખરીદી/બાંધકામ | રૂા. ૨૫ લાખ સુધીના ધિરાણ માટે ૯.૮૦ | | | |
| | | રૂા. ૨૫ લાખથી વધુ ધિરાણ માટે ૧૦.૫૦ | | | |
| ૨) | મકાન રિપેરીંગ | – | ૧૨.૦૦ | ૧૨.૫૦ | ૧૩.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩) | બેંક દ્વારા કબજે લીધેલ એનપીએ ખાતેદારની રહેણાંક સ્થાવર મિલકત ખરીદનારને તે મિલકત સામે જ લોન (હાઉસીંગ) | રહેણાંક સ્થામિ માટે રૂા. ૨૫ લાખ સુધીના ધિરાણ માટે ૯.૮૦<br>રહેણાંક સ્થામિ માટે રૂા. ૨૫ લાખથી વધુના ધિરાણ માટે ૧૦.૫૦ | | | |
| ૪) | બેંક દ્વારા કબજે લીધેલ એનપીએ ખાતેદારની મિલકત ખરીદનારને તે મિલકત સામે જ લોન (ઔદ્યોગિક/કોમર્શિયલ) | | | | |
| | રૂા. ૫ કરોડ સુધી | ૯.૨૫ | ૯.૭૫ | ૧૦.૭૫ | ૧૨.૦૦ |
| | રૂા. ૫ કરોડથી વધુ | ૯.૫૦ | ૧૦.૦૦ | ૧૧.૦૦ | ૧૨.૦૦ |
| (૬) | **અન્ય ધિરાણો (સ્પેસીફાઈડ ગ્રુપ)** | | | | |
| ૧) | એજ્યુકેશન લોન | ૮.૫૦ | | | |
| ૨) | NSC/KVP/LIC/પ્લેજેબલ ગર્વ.બોન્ડ/માન્ય સિક્યુરિટી સામે લોન/ઓવરડ્રાફ્ટ | ૮.૨૫ | | | |
| ૩) | સોના ધિરાણ (ગોલ્ડ લોન્સ) / ઓવરડ્રાફ્ટ | ૮.૪૯ થી | | | |
| ૪) | ડિમેટ શેર સામે લોન/ઓવરડ્રાફ્ટ | ૮.૫૦ | | | |
| ૫) | બેંક દ્વારા માન્યતા પ્રાપ્ત સંસ્થાના કર્મચારીઓને ઓવરડ્રાફ્ટ | ૧૦.૦૦ | | | |
| ૬) | જાત જામીનગીરી/કરન્ટ ખાતામાં ક્લીન ઓવરડ્રાફ્ટ | ૧૪.૦૦ | | | |
| ૭) | બેંક ડીપોઝીટ સામે લોન/ઓવરડ્રાફ્ટ | ડીપોઝીટ દર+૦.૫૦% | | | |
| ૮) | પ્રોફેશનલને ધિરાણ (એક અરજદારના કુલ) | | | | |
| | ૮અ) ડોકટર્સ, સ્પેશ્યાલિસ્ટ ડોકટર માટે<br>રૂા. ૫ કરોડ સુધીના ધિરાણ માટે | ૯.૦૦ | | | |
| | રૂા. ૫ કરોડથી વધુના ધિરાણ માટે | ૯.૫૦ | | | |
| | ૮બ) ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આર્કિટેક, એન્જીનિયર, કોસ્ટ એકાઉન્ટન્ટ અને કંપની સેક્રેટરી માટે | | | | |
| | રૂા. ૫ કરોડ સુધીના ધિરાણ માટે | ૯.૦૦ | | | |
| | રૂા. ૫ કરોડથી વધુના ધિરાણ માટે | ૯.૫૦ | | | |
| ૯) | સિનિયર સિટીઝન સભાસદોને રિવર્સ મોર્ગેજ લોન | ૯.૦૦ | | | |
| ૧૦) | ગૌશાળા/પાંજરાપોળને ઘાસ ખરીદ કરવા ધિરાણ | ૧૦.૫૦ | | | |
| ૧૧) | ચાલુ ધિરાણ ખાતેદારોને વધારાના ધિરાણ (ટોપ-અપ) (સભાસદ સુવિધા ધિરાણ) | ૧૦.૦૦ | | | |
| ૧૨) | મુખ્યમંત્રી આવાસ યોજના : રૂા. ૨૫ લાખ સુધી<br>(રહેણાંક સ્થાવર મિલકત ધિરાણના નિયમાનુસાર વધારાની વ્યાજરાહત મળશે. લઘુત્તમ વ્યાજદર ૮.૫૦%) | ૮.૮૦ | | | |
| ૧૩) | સિઝનલ ધિરાણ | ૧૦.૦૦ | | | |
| ૧૪) | શ્રી લક્ષ્મણરાવજી ઈનામદાર 'સ્વરોજગાર ધિરાણ' | ૧૧.૦૦ | | | |
| ૧૫) | રૂફટોપ સોલાર સીસ્ટમ ધિરાણ : | | | | |
| | રૂા. ૨ લાખ સુધી (વધારાની સિક્યુરિટી વગર) | ૧૦.૦૦ | | | |
| | રૂા. ૨ લાખ સુધી (વધારાની સિક્યુરિટી સાથે) | ૮.૫૦ | | | |
| | રૂા. ૨ લાખથી રૂા. ૧ કરોડ સુધી (વધારાની સિક્યુરિટી સાથે અને ૬૦ માસ માટે) | ૮.૫૦ | | | |
| | રૂા. ૨ લાખથી રૂા. ૧ કરોડ સુધી (વધારાની સિક્યુરિટી સાથે અને ૮૪ માસ માટે) | ૯.૦૦ | | | |
| | સ્ટાફ | ૮.૨૫ | | | |
| ૧૬) | જેનરિક દવાના સ્ટોર માટે ધિરાણની યોજના (મહિલા અરજદારને નિયમાનુસાર વ્યાજરાહત) | ૮.૫૦ | | | |
| ૧૭) | વ્યાપાર વૃદ્ધિ ઓવર ડ્રાફ્ટ (હીરા સિવાયના વ્યાપાર ઉદ્યોગ માટે) | ૯.૫૦ | | | |
| | " લોંગ ટર્મ એસેટ્સની જરુરિયાત માટે (ટર્મ લોન) | ૧૦.૨૫ | | | |
| | " હીરા ઉદ્યોગ / વ્યાપાર માટે | ૯.૨૫ | | | |
| ૧૮) | નાગરિક સહકાર ધિરાણ | ૯.૫૦ | | | |
| ૧૯) | ગોલ્ડ બોન્ડ સામે ધિરાણ / ઓવરડ્રાફ્ટ | ૮.૫૦ | | | |
| ૨૦) | જીએસટી સરોગેટ ઓવરડ્રાફ્ટ સુવિધા | ૯.૨૫ % થી | | | |

ધિરાણ વ્યાજદર અંગે નોંધ :

(૧) અન્ય બેંકની સવલત ટેઈકઓવરના કિસ્સામાં ઉચ્ચ ગ્રેડેશન ધરાવતા ખાતેદારોને અન્ય બેંકના ચાલુ વ્યાજદર કરતાં ૧ % ઓછો (લઘુતમ ૮.૫૦ %ની મર્યાદામાં) વ્યાજદર રહેશે. લઘુત્તમ વ્યાજદર ૮.૫૦% રહેશે. (૨) રહેણાંક સ્થાવર મિલકત ખરીદી માટે વિશેષ વ્યાજ રાહત : (અ) સરકારી/અર્ધસરકારી સંસ્થાના કાયમી કર્મચારીઓને અપાતા આ ધિરાણમાં સંસ્થા તરફથી પગારમાંથી હપ્તા કપાતનો પત્ર મળે તો ૧ % વ્યાજ રાહત મળશે. (બ) અરજદારના છેલ્લા ૩ વર્ષના દર વર્ષે નિયમિત આઈ.ટી. રિટર્ન ભરેલ હોય ત્યારે છેલ્લા વર્ષના રિટર્ન મુજબ આવકના ૫૦ % રકમની મર્યાદામાં ધિરાણની વાર્ષિક હપ્તાની રકમ થતી હોય તેવા સંજોગોમાં ૧.૨૫ % વ્યાજ રાહત મળશે. (ક) પ્રોફેશનલ (ડોકટર, સી.એ.,આર્કિટેક્ટ, એન્જીનિયર્સ) અરજદારને ૧ % વ્યાજ રાહત મળશે. (ડ) મહિલા અરજદારને ૧ % વ્યાજ રાહત મળશે.

વિવિધ ગ્રૂપ અંગેની સમજણ : ગોલ્ડ ગ્રૂપ : જરૂરી મિનિમમ વધારાની સિક્યુરિટી (વ*સિ) જેટલી કે તેથી વધુ વ*સિ આપવામાં આવતી હોય. પ્લેટીનમ ગ્રૂપ : જરૂરી મિનિમમ વ*સિ ઉપરાંત લોન રકમનાં ૫૦ % કે તેથી વધુ વ*સિ આપવામાં આવતી હોય. સ્પે. પ્લેટીનમ ગ્રૂપ : જરૂરી મિનિમમ વ*સિ ઉપરાંત લોન રકમના ૧૦૦ % કે તેથી વધુ વ*સિ આપવામાં આવતી હોય. સીલ્વર ગ્રૂપ : મિનિમમ જરૂરી વ*સિથી ઓછી વ*સિ સ્વીકારવાના કિસ્સામાં.

(ઉપરોક્ત ગ્રૂપ અંગેની વિસ્તૃત સમજણ બેંકની શાખામાંથી મળશે.)



વ્યાજ દર
ફક્ત
11 %

# 'સરલ' ધિરાણ સુવિધા

- હિસાબોની ઝંઝટમાંથી મુક્તિ
- રૂા. 30 લાખ સુધીનું ધિરાણ તુરંત જ
- ઉદ્યમ આધાર મેળવનારને વિશેષ પ્રોત્સાહન
- મિલકતની કિંમતના 80 % સુધી ધિરાણ
- સરળ દસ્તાવેજી પ્રક્રિયા

## થાપણના વ્યાજદર

તા. ૧૯-૨-૨૦૨૪થી અમલ

| ક્રમ | સમયગાળો | જનરલ કેટેગરી | સીનીયર સીટીઝન / સ્ટાફ | બલ્ક ડિપોઝીટ (રૂા. ૧ કરોડ કે તેથી વધુ) | સ્ટાફ/પૂર્વ સ્ટાફ +સીની.સિટીઝન +બલ્ક ડિપોઝીટ (રૂા. ૧ કરોડ કે તેથી વધુ) (એકથી વધુ કેટેગરીમાં સમાવિષ્ટ થતા હોય ત્યારે) |
|---|---|---|---|---|---|
| | | % | % | % | % |
| ૧ | ૭ દિવસથી ૪૫ દિવસ સુધી | ૩.૫૦ | ૩.૭૫ | ૪.૦૦ | ૪.૦૦ |
| ૨ | ૪૬ દિવસથી ૧૭૯ દિવસ સુધી | ૪.૦૦ | ૪.૨૫ | ૪.૫૦ | ૪.૫૦ |
| ૩ | ૧૮૦ દિવસથી ૩૬૪ દિવસ સુધી | ૫.૮૦ | ૬.૩૦ | ૬.૫૫ | ૬.૫૫ |
| ૪ | ૧ વર્ષ કે તેથી વધુ ૨ વર્ષ સુધી | ૭.૨૫ | ૭.૫૦ | ૭.૭૫ | ૭.૭૫ |
| ૫ | ૨ વર્ષથી વધુ ૩ વર્ષ સુધી | ૭.૪૦ | ૭.૬૫ | ૭.૯૦ | ૭.૯૦ |
| ૬ | ૩ વર્ષથી વધુ ૩૯ માસ સુધી | ૭.૫૫ | ૭.૮૦ | ૮.૦૫ | ૮.૦૫ |
| ૭ | ૩૯ માસથી વધુ ૫ વર્ષ સુધી | ૭.૦૦ | ૭.૨૫ | ૭.૨૫ | ૭.૫૦ |
| ૮ | ૫ વર્ષથી વધુ ૧૦ વર્ષથી ઓછું | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ | ૫.૦૦ |
| ૯ | ૧૦ વર્ષ | ૬.૨૫ | ૬.૨૫ | ૬.૨૫ | ૬.૨૫ |

**૩ વર્ષથી વધુ ૩૯ માસ સુધીના સમયગાળામાં રૂા. ૧ કરોડથી વધુની સિંગલ ડિપોઝીટ ઉપર પણ ૮.૦૫ % મળવાપાત્ર.**

* ટેક્સ એક્ઝેમ્પશન સ્કીમ ૮૦-સીનો લાભ ૫ વર્ષ કે તેથી વધુ સમયની કોઈ પણ બાંધી મુદત સ્કીમમાં મળી શકશે.
* ઉપરોકત વ્યાજદર રિકરીંગ ડિપોઝીટ ઉપર લાગૂ પડશે પરંતુ રિકરીંગ ડિપોઝીટ ઓછામાં ઓછી ૧ વર્ષ માટે અને ત્યાર બાદ ત્રણ માસના ગુણાંકમાં મૂકવાની રહેશે.

## બેંકની મોબાઈલ એપ્લિકેશનનો વપરાશ કરો અને ઓનલાઈન મેળવો 15-G / 15-H

હવેથી, આપે બેંકમાં **15-G / 15-H** લેવા માટે રૂબરૂ જવાની જરૂર નથી. આપના અનુકુળ સમયે – સ્થળેથી એપ્લાય કરો અને તુરંત જ મેળવો **15-G / 15-H** આ ઉપરાંત અન્ય ગ્રાહક સુવિધા મેળવવા માટે નિયમીત વપરાશ કરો બેંકની મોબાઈલ એપ્લિકેશનનો...

# જન્મજાત પ્રતિભાવાન

વશરામ પરમાર
(મૂલ્યોના માનવી ગ્રંથમાંથી)

શ્રી અરવિંદભાઇ સાથે કિશોરવયથી સંબંધ છે. તેમની સાથે અવારનવાર મારે કબડ્ડી રમવાનો પ્રસંગ બન્યો છે. સદરની સાય શાખામાં જ્યારે સામી પાર્ટીમાં અરવિંદભાઇ હોય ત્યારે અમે પાર્ટીના બધા કિશોરો અરવિંદભાઇને પકડવા બધા જ પ્રયત્નો કરતા, પણ તેઓ તો છટકી, બધાને આઉટ કરી, ત્રણચારને ખેંચી પોતાની પાર્ટીમાં લઇ જતા. અરવિંદભાઇ સાથે રમવાની ખૂબ મજા આવતી. તેઓ અજેય રમતવીર હતા. કબડ્ડીની રમતમાં અમારા હાથમાંથી છટકી જતા અરવિંદભાઇ આપણી વચ્ચેથી પણ છટકી ગયા, એનું અપાર દુઃખ છે.



અરવિંદભાઇ શબ્દદેહે

અરવિંદભાઇને રમતા જોયા છે. ખુશમિજાજ, હસમુખા, હેતાળ આ મહામાનવ સફળ નેતૃત્વથી મેયર છેલ્લે હું મળ્યો ત્યારે તેમને કહેતા સાંભળેલા કે 'આવી નાની-નાની સમસ્યા મારી પાસે કેમ લાવો છો ? તમે જાતે જ ઉકેલ માટે કશુંક કરી શકો. તમે મચ્છર મારવા બંદૂકનો ઉપયોગ કરતા હો એના જેવું થયું. આવા સામાન્ય અને અનિવાર્ય એવાં કાર્યો તમારી રીતે હલ કરવા તમે શકિતમાન બનો તેમ હું ઇચ્છું છું' તેમની આ વાત પેલા ભાઇને તો સ્પર્શી ગયેલી પણ મારા ઉપર પણ અસર થયેલી.

અરવિંદભાઇ 'અભય નિવાસ' માં રહી અભય જિંદગી જીવી ગયા. અરવિંદભાઇએ જાહેર - જીવન શરૂ કર્યા પહેલાં તેઓ જ્યારે અમ કિશોરો વચ્ચે બોલવા ઉભા થતા ત્યારથી તેમના પ્રભાવક વ્યકિતત્વનો હું સાક્ષી છું. તેઓ જાણે કે જન્મજાત પ્રતિભાવાના બૌદ્ધિક હતા.

## કોરૂં જ્ઞાન અર્થહીન

શ્રી રામકૃષ્ણ પરમહંસે એમના એક શિષ્યને કહ્યું કે પ્રત્યેક જીવમાં નારાયણનો વાસ હોય છે. શિષ્યે ઠાકુરજીનું આ વાક્ય યાદ કરી ગાંઠે બાંધી લીધું.

એક વખતે એ શિષ્ય રસ્તે ચાલતા હતા. રસ્તો સાંકડો હતો અને સામેથી હાથી આવતો હતો. હાથી પર બેઠેલો મહાવત બૂમો પાડી પાડી રસ્તે ચાલતા લોકોને ચેતવતો હતો, 'આઘા ખસી જાવ. હાથી પાગલ છે. મારા કાબૂમાં નથી.'

પેલા શિષ્યને 'પ્રત્યેક જીવમાં નારાયણનો વાસ છે' એ બોધ યાદ હતો. એણે હાથીમાં પણ નારાયણનો વાસ છે એમ માની પેલા હાથીને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યાં. હાથી તો પાગલ હતો. એણે પેલા માણસને સૂંઢથી ઊંચકી નીચે પછાડયો. એને ખૂબ વાગ્યું. આ જ દશામાં એ રામકૃષ્ણ પાસે ગયો. એણે બધી વાત કરી અને કહ્યું, 'આપે મને સત્ય બતાવ્યું નહિ. મારામાં અને હાથીમાં નારાયણનો જ વાસ છે તો પછી એ હાથીએ મને ફેંકી કેમ દીધો ?'

રામકૃષ્ણે પૂછ્યું, 'હાથી એકલો હતો કે એના ઉપર કોઇ મહાવત બેઠો હતો ? એ ચૂપચાપ બેઠો હતો કે કાંઇ બોલતો હતો ?'

શિષ્ય કહે, 'હાથી પર મહાવત બેઠો હતો. બૂમો પાડી પાડી કહેતો હતો હાથી ગાંડો છે. મારા કાબૂમાં નથી. બધા આઘા - પાછા થઇ જાવ.'

રામકૃષ્ણ કહે, 'હાથી પર બેઠેલો મહાવત પણ નારાયણ જ હતો ને ? તમે હાથી - નારાયણને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા, પણ મહાવત - નારાયણની વાત કેમ માની નહીં ?'

વિચાર કર્યા વિના, બુદ્ધિ ચલાવ્યા વિના જ એકાદ વાક્ય સાંભળી, એનું અનુકરણ કરવાથી આવું જ પરિણામ આવે છે. આપણા હિન્દુ સમાજે ''બ્રહ્મ સત્યમ્ જગત મિથ્યા'' વાક્યને પણ આવું જ માન્યું છે. નાના નાના લોકોએ પણ આ વાક્ય બોલવાનું શરૂ કરી દીધું. સામાન્ય લોકોના મનમાં આટલી મોટી વાત બેસી નહિ અને આ વાક્ય નિરુપયોગી બની ગયું. આ વાક્યમાંથી ઊલટા અર્થ નીકળવા માંડ્યા. કેટલાક વિદ્વાનોએ એવો અર્થ કાઢ્યો કે જે પોતાના હિન્દુપણાને ભૂલી જાય, એજ સાચો હિન્દુ. બીજો અર્થ એ કાઢ્યો કે 'હિન્દુ' એતો સંકુચિત ભાવ છે. આપણે તો ભૂમંડળનો, સમસ્ત સંસારના માનવોના, સંપૂર્ણ ચરાચર સૃષ્ટિનો વિચાર કરવો જોઇએ.

આપણે હિન્દુ છીએ. આપણી પ્રાચીન સંસ્કૃતિ શ્રેષ્ઠ છે. એક જમાનામાં આ સંસારમાં આપણું સ્થાન ખૂબ મોટું હતું. આ સ્થાન મેળવવા ફરીથી પ્રયાસ કરીશું. આ માટે આપણા હૃદયમાં હિન્દુત્વનું અભિમાન હોવું જોઇએ. આજે આ વ્યાવહારિક જ્ઞાનની ખૂબ જ જરૂર છે. હિન્દુત્વની આ અનુભૂતિ જગાડવાનું કામ સંઘ કરે છે.

**ગુરૂજી**

| તા. ૩૧-૩-૨૦૨૫ના અંતિત વર્ષનાં પરિણામો (રકમ રૂા. કરોડમાં) | | |
|---|---|---|
| વિગત | તા. ૩૧-૩-૨૦૨૪ (ઓડિટેડ) | તા. ૩૧-૩-૨૦૨૫ (અન-ઓડિટેડ) |
| **મૂડી-દેવાં :** | | |
| શેરભંડોળ | 44.41 | 43.79 |
| રિઝર્વ ફંડ | 951.95 | 850.90 |
| થાપણો | 6,231.27 | 6,443.03 |
| કરજ | 0 | 0 |
| અન્ય જવાબદારીઓ | 158.68 | 233.01 |
| નફો | 89.97 | 144.72 |
| કુલ | 7,476.29 | 7,715.45 |
| **મિલ્કત-લેણાં :** | | |
| કેશ/બેંક બેલેન્સ | 330.55 | 339.63 |
| રોકાણ | 2,886.93 | 2,674.60 |
| ધિરાણ | 3,816.99 | 4,214.01 |
| સ્થાયી મિલ્કતો | 272.20 | 270.43 |
| અન્ય મિલ્કતો | 189.62 | 196.78 |
| કુલ | 7,476.29 | 7,715.45 |
| **આવક :** | | |
| વ્યાજ આવક | 552.66 | 581.23 |
| અન્ય આવક | 4.81 | 27.35 |
| કુલ | 557.47 | 608.58 |
| **ખર્ચ :** | | |
| ચૂકવેલ વ્યાજ | 320.41 | 356.99 |
| અન્ય ખર્ચ | 103.39 | 106.87 |
| કુલ | 423.80 | 463.86 |
| ગ્રોસ નફો | 133.67 | 144.72 |

તા.૩૧-૦૩-૨૦૨૪ નો નેટ નફો છે અને તા.૩૧-૦૩-૨૦૨૫ નો ગ્રોસ નફો છે

# બેંક દ્વારા સદ્ભાવના વૃદ્ધાશ્રમને રૂા. ૧૧ લાખનું અનુદાન

આપણી બેંક દ્વારા માનવ સેવા ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સદ્ભાવના વૃદ્ધાશ્રમને રૂા. ૧૧ લાખનું અનુદાન આપવામાં આવ્યું છે.



સદ્ભાવના વૃદ્ધાશ્રમના વિજયભાઇ ડોબરીયા અને ધીરૂભાઇ કાનાબારને ચેક અર્પણ કરતી વખતે રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.ના દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી ચંદ્રેશભાઇ ધોળકીયા, અશોકભાઇ ગાંધી, કલ્પેશભાઇ ગજ્જર, વિક્રમસિંહ પરમાર, વિનોદ કુમાર શર્મા (જનરલ મેનેજર-સીઇઓ), રજનીકાંત રાયચુરા (ડી.જી.એમ.) ઉપસ્થિત રહ્યા હતા.

બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠક અને વાઇસ ચેરમેન જીવણભાઇ પટેલે બેંકની સામાજિક ઉત્તરદાયિત્વની માહિતી આપતાં જણાવ્યું હતું કે, 'સાત દાયકાની સફર દરમિયાન બેંક દ્વારા વિવિધ સમાજોપયોગી કાર્યો થયા છે. દુષ્કાળનો સમય, મોરબી હોનારત ભૂજનો ભૂકંપ કે કોઇ પણ કુદરતી આફત કોરોના મહામારી સંકટના સમયે હંમેશા બેંક સમાજની પડખે ઊભી રહી છે. આરોગ્ય - શિક્ષણ - પ્રાચીન ગરબી - છાશ વિતરણ કેન્દ્ર - શહેર સુશોભન જેવા દરેક કાર્યોમાં બેંક અમૂલ્ય યોગદાન આપે છે. તાજી જ ઘટના જોઇએ તો કોરોના મહામારી સંકટ સમયે પ્રધાનમંત્રી રાહત ફંડ રૂા. ૫૧ લાખ અને મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂા. ૫૧ લાખનું અનુદાન આપેલ તેવી જ રીતે પ્રાચીન ગરબી મંડળમાં નિયમિત આર્થિક સહયોગ આપે છે. ઉનાળા દરમિયાન યોજાતાં છાશ વિતરણ કેન્દ્રો કે વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ઉપયોગી નોટબુક-ચોપડા રાહતદરે મળી રહે તે માટે આર્થિક સહયોગ. આવી જ રીતે સભાસદને આરોગ્ય માટે તબીબી તપાસ કરાવવાની હોય તો રાજકોટની પંચનાથ હોસ્પિટલ, કોઠારી નિદાન કેન્દ્ર, રોટરી ડાયાબિટિસ કેન્દ્ર (લલિતાલય)માં બિલમાં જરૂરી આર્થિક સહયોગ આપવામાં આવે છે. રાજકોટની કેન્સર હોસ્પિટલમાં સારવાર માટે બિલમાં રાહત આપવામાં આવે છે. બેંક દ્વારા સભાસદોનો રૂા. ૧ લાખનો અકસ્માત વીમો ઉતરાવેલ છે અને તેનું પ્રિમિયમ બેંક ભરે છે. સભાસદોના આકસ્મિક દુઃખદ અવસાન બાદ બેંક જાતે જ જોઇતી માહિતી મેળવી તેમના પરિવારજનોને વીમાની રકમ સરળતાથી મળી રહે તે માટે જરૂરી કાર્યવાહી કરે છે.

સદ્ભાવના વૃદ્ધાશ્રમ વતી અને સમાજ તરફથી વિજયભાઇ ડોબરીયાએ બેંકની સામાજિક સેવાની પ્રવૃત્તિને બિરદાવી હતી અને બેંક તરફથી મળેલ અનુદાન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

**નાગરિક પરિવારનું ગૌરવ : નરેશભાઇ કેલા**



આપણી બેંકની સુરેન્દ્રનગર શાખાની વિકાસ સમિતિના કન્વીનર શ્રી નરેશભાઇ કેલાની કેન્દ્ર સરકારના જાહેર સાહસ મહારત્ન કંપની એવી પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિ. માં ડિરેક્ટર તરીકે સરકાર દ્વારા નિયુક્ત થઇ છે. ખૂબ ખૂબ અભિનંદન...

# રાજકોટ નાગરિક સહકારી બેંક લિ. દ્વારા સભાસદ ભેટ-૨૦૨૪



આપણી બેંક દ્વારા 'સભાસદ ભેટ-૨૦૨૪'નો વિતરણ કાર્યનો શુભારંભ ૬ ડિસેમ્બર ૨૦૨૪ના થયો હતો અને ખૂબ જ ટૂંકાગાળામા' ભેટ વિતરણ કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થઇ રહ્યું છે.

પ્રાસંગિકમાં શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશીએ જણાવ્યું હતું કે, 'સર્વપ્રથમ નવી ચુંટાયેલી સમગ્ર ટીમને હૃદયપૂર્વક અભિનંદન. નાગરિક બેંકની સભાસદ ભેટની સહુ કોઈ રાહ જોતા હોય છે. તેમાં પણ આ વખતે ટેકનોલોજીનો ઉપયોગ કરી મોબાઇલ એપ્લિકેશન લોંચિગ થયું છે તે ખૂબ જ સરસ વાત છે. હું અહી મહેમાન તરીકે નહિ પરંતુ, પરિવારના સદસ્ય તરીકે ઉપસ્થિત રહ્યો છું. બેંક સાથેના પારિવારિક સંબંધનું આપણને સહુને ગૌરવ છે.'

બેંકના ચેરમેન દિનેશભાઇ પાઠકે સભાસદ ભેટ ૨૦૨૪ પ્રારંભ અવસરે જણાવ્યું હતું કે, 'સભાસદોની આતુરતાનો અંત આવ્યો છે. આપણે સહુ બેંકમાં વિવિધ જવાબદારી નિભાવતા હોવાથી બહારની દુનિયામાં સહુ કોઇ સભાસદ ભેટ અંગે સતત પૂછતા હોય છે. મોબાઇલ એપ્લિકેશન દ્વારા ભેટ રજિસ્ટ્રેશન કરી શકાય છે અને ઘેર બેઠાં સરળતાથી મળી રહે છે.'

રાષ્ટ્રીય સ્વંયસેવક સંઘના સૌરાષ્ટ્ર પ્રાંત સંઘચાલકજી મુકેશભાઇ મલકાણે જણાવ્યું હતું કે, 'કોઇ કાર્યક્રમમાં ઉપસ્થિત હોઉં તેના કરતાં સ્વયંસેવકોને મળી









રહ્યો હોઉં તેવું લાગે છે. નવનિયુક્ત સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન. સંઘર્ષ કરીને સહુ ચુંટાયા છો અને આપ સહુ ઉપર બહુ જ મોટી જવાબદારી આવી છે. પૂર્વ ચેરમેનો-સંચાલક મંડળ દ્વારા કંડારેલી કેડી અને વિવિધ એચિવમેન્ટને લીધે તેને જાળવવા અને હજુ પણ વધુ આગળ વધવાની બહુ મોટી જવાબદારી છે. દસ હજાર કરોડનો બિઝનેસ ધરાવતી બેંકનું ખૂબ જ મોટું નામ છે અને રાજકોટની વાત કરીએ તો લગભગ ૨૦ લાખની વસ્તી ગણીએ તો દર સાત વ્યક્તિએ એક વ્યક્તિ તેનો સભાસદ હોઇ શકે છે. આમ રાજકોટમાં જ ઘણોબધો ફેલાવો જોવા મળે છે.'

જીવણભાઇ પટેલે જણાવ્યું હતુ' કે, ''આ વખતે સભાસદ ભેટમા' એક શેર ઉપર એક ટુવાલ સેટ મળશે. આ વખતે ભેટમાં નામાંકિત કંપની વેલસ્પનના ટુવાલ સેટ છે. એક સભાસદને એક ટુવાલ સેટ મળશે. જેમાં ૨ ટુવાલ અને ૨ નેપકીનનો સમાવેશ થાય છે.'

સભાસદ ભેટ વિતરણ શુભારંભ સમયે અતિથિ વિશેષ તરીકે મુકેશભાઇ દોશી (શહેર ભાજપ પ્રમુખ), મુકેશભાઇ મલકાણ (સૌરાષ્ટ્ર પ્રાંત સંઘચાલકજી) ઉપરાંત બેંક પરિવારમાંથી દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન),

**ટેકનોલોજીના ઉપયોગથી ટૂંકાગાળામાં સફળ કામગીરી થઇ : દિનેશભાઇ પાઠક**

**આર.એસ.એસ. સૌરાષ્ટ્ર પ્રાંત સંઘચાલકજી મુકેશભાઇ મલકાણ તથા આર.એમ.સી.ના સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન જયમીનભાઇ ઠાકર અને શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઇ દોશીની વિશેષ ઉપસ્થિતિ...**

ડિરેક્ટરગણમાંથી ચંદ્રેશભાઇ ધોળકિયા, દિપકભાઇ બકરાણીયા, માધવભાઇ દવે, અશોકભાઇ ગાંધી, હસમુખભાઇ ચંદારાણા, નવીનભાઇ પટેલ, ડો. એન. જે. મેઘાણી, કલ્પેશભાઇ ગજ્જર, બ્રિજેશભાઇ મલકાણ, ભૌમિકભાઇ શાહ, જ્યોતિબેન ભટ્ટ, વિક્રમસિંહ પરમાર, શૈલેષભાઇ મકવાણા (કો-ઓપ્ટ), વિનોદ કુમાર શર્મા (સી.ઇ.ઓ.-જનરલ મેનેજર) તેમજ જયમીનભાઇ ઠાકર (સ્ટેન્ડીંગ કમિટિ ચેરમેન – રાજકોટ મહાનગરપાલિકા), પૂર્વ ડિરેક્ટર પૈકી શૈલેષભાઇ ઠાકર (પૂર્વ ચેરમેન), ટપુભાઇ લીંબાસીયા (પૂર્વ વાઇસ ચેરમેન), હંસરાજભાઇ ગજેરા, અર્જુનભાઇ શિંગાળા, દીપકભાઇ મકવાણા, ગોવિંદભાઇ પટેલ (પૂર્વ ધારાસભ્ય-ગુજરાત રાજ્ય), પ્રવીણભાઇ ધોળકિયા (પૂર્વ ચેરમેન-વિજય કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.), બેંકની સ્થાનિક શાખા વિકાસ સમિતિના સદસ્યો, સ્થાનિક ડેલિગેટ્સ, આમંત્રિતો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના આરંભે હાર્દિક આવકાર વિનોદ કુમાર શર્માએ આપ્યો હતો. આભારદર્શન શૈલેષભાઇ મકવાણાએ અને સરળ-સફળ સંચાલન ભાવેશભાઇ રાજદેવે કર્યું હતું. આ તકે ધર્મેશભાઇ ટાંકે મોબાઇલ એપ્લિકેશનની વિસ્તૃત સમજુતી રજુ કરી હતી. કાર્યક્રમના અંતમાં વંદેમાતરમનું ગાન થયું હતું.




અત્રે ઉલ્લેખનીય છે કે આ વખતના સભાસદ ભેટ વિતરણમાં ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ થયો અને તેને કારણે ફક્ત પાંચ મહિનાના ટૂંકા ગાળામાં અંદાજે ૧,૬૭,૦૦૦થી પણ વધુ સભાસદોએ પોતાને અનુકુળ સમયે અને સ્થળેથી ભેટ ઓનલાઇન બુક કરી અને તે પૈકી ૧,૫૨,૦૦૦થી પણ વધુ સભાસદોને તે ભેટ ઘેર બેઠાં વિતરિત પણ થઇ. આ સમગ્ર કાર્ય માટે ટેકનોલોજી અને ટીમનો સુભગ સમન્વય થયો છે અને તેથી જ સરળતાથી કાર્ય થઇ રહ્યું છે.'

હજુ જે કોઇ સભાસદને ઓનલાઇન ભેટ રજીસ્ટર કરવાની બાકી રહી ગઇ હોય તો ભેટ માટેની એપ્લિકેશન RNSB GIFT ૨૦૨૪ પ્લે-સ્ટોર ઉપરથી ડાઉનલોડ કરી ઓનલાઇન રજીસ્ટર કરવા નમ્ર વિનંતી છે.





# જાગૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા સંપન્ન

## હકારાત્મક અભિગમથી સ્વ અને સંસ્થાનો વિકાસ થાય છે : વિપુલભાઇ દવે

## સતત સાતમા વર્ષે વિપુલભાઇ દવે પ્રમુખ તરીકે સર્વાનુમતે ચુંટાયા

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.માં કાર્યરત જાગૃત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા પારિવારિક માહોલમાં બેંકની હેડ ઓફિસ, અરવિંદભાઇ મણીઆર નાગરિક સેવાલય ખાતે યોજાઇ હતી. સભાની કાર્યવાહી શરૂ કરતાં પહેલા ગત વર્ષ દરમિયાન દુઃખદ અવસાન પામેલ પંકજભાઇ વસાણી, હર્ષદભાઇ ભટ્ટ અને તેમના પુત્ર મૌલિકભાઇ ભટ્ટને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

આ સાધારણ સભામાં વિપુલભાઇ દવે (પ્રમુખ), તૃપ્તીબેન જોશી (ઉપપ્રમુખ), ભરતભાઇ કુંવરીયા (મંત્રી), દર્શનભાઇ જોશી (સહમંત્રી), રોપેશભાઇ દેવાણી (ખજાનચી) ઉપરાંત ઉમેદભાઇ જાની (પૂર્વ પ્રમુખ), નિલેશભાઇ શાહ (પૂર્વ પ્રમુખ) અને વિશાળ સંખ્યામાં પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

જાગૃત કર્મચારી મંડળના પ્રમુખ વિપુલભાઇ દવેએ અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે, 'મંડળનો પ્રમુખ ભલે હું છું, પરંતુ, આપ સહુના સાથ-સહકાર વગર કોઇ જ કામગીરી કરી શકાતી નથી. તે બદલ સર્વપ્રથમ સહુનો આભાર. હકારાત્મક અભિગમથી સ્વ અને સંસ્થાનો વિકાસ થાય છે. બીજું ગત વર્ષ દરમિયાન આપણે કરેલાં કાર્યોની એક ઝલક જોઈએ તો, શિયાળામાં નફા-નુકસાન વગર ૧,૧૦૦ કિલો મસાલાયુક્ત અડદિયાનું વિતરણ, પરિવારમાં ધો. ૧૦ અને ધો. ૧૨માં અભ્યાસ




કરતાં બાળકોને પરીક્ષા માટે બેસ્ટ ઓફ લક કહેતાની સાથે શૈક્ષણિક કીટ આપી અને પરીણામ બાદ ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને પેનડ્રાઇવ આપી, સહુ પરિવારજનોએ 'ધ સાબરમતી રિપોર્ટ' ફિલ્મનો શો અને 'વેઇટીંગ રૂમ' નાટકનો શો માણ્યો, હનુમાન જન્મોત્સવ અવસરે હનુમાન ચાલીસાનું સામૂહિક પઠન, બેંક દ્વારા આયોજિત નિઃશુલ્ક ક્રિકેટ કોચિંગ કેમ્પમાં મંડળનું સક્રિય યોગદાન, શ્રી ગણપતિ મહોત્સવ અવસરે ગણપતિ પૂજન-આરતી અને પ્રસાદીમાં ચુરમાના લાડુનું વિતરણ, વિ.સ. ૨૦૮૧-નૂતન વર્ષને આવકારતા પરિવારજનો માટે સ્નેહમિલન, બેંકના '૭૨'માં સ્થાપના દિન અવસરે મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમાં મંડળનો અથાગ સહયોગ અને ૧,૦૨૦ બોટલ રક્ત એકઠું કરેલ, બેંકનો બિઝનેસ રૂા. ૧૦,૦૦૦ કરોડને પાર થયો તેની ભવ્ય ઉજવણી દરેક કર્મચારીઓએ સાથે મળીને કરી, બેંકનો નફો રૂા. ૧૪૪.૭૨ કરોડ નોંધાયેલ છે તે પ્રસંગે સહુ કર્મચારીઓને સાથે જોડી ઉજવણી કરી, સતત પાંચમા વર્ષે બેંકનું નેટ એનપીએ ઝીરો નોંધાયેલ છે. આ તમામ ઉજવણી આપણે સહુ સાથે મળીને પારિવારિક માહોલમાં કરી છે. આગામી વર્ષે પણ આ પ્રકારના કાર્યક્રમોની સાથોસાથ વધુને વધુ પ્રવૃત્તિ કરીશું એ જ આશા અને અપેક્ષા સાથે આભાર.'

સાધારણ સભાની કાર્યવાહી બાદ સર્વાનુમતે વિપુલભાઇ દવે સતત સાતમા વર્ષે પ્રમુખ તરીકે

ચુંટાયા હતા.

સાધારણ સભા બાદ યોજાયેલ પારિવારિક મિલનમાં બેંકના ચેરમેનશ્રી દિનેશભાઇ પાઠકે ઉપસ્થિત સહુને શુભેચ્છા પાઠવતાં પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

સાધારણ સભા બાદ યોજાયેલ પારિવારિક મિલનમાં બેંકમાંથી દિનેશભાઇ પાઠક (ચેરમેન), જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), શૈલેષભાઇ ઠાકર (પૂર્વ ચેરમેન અને સદસ્ય–બોર્ડ ઓફ મેનેજમેન્ટ), ચંદ્રેશભાઇ ધોળકીયા (ડિરેક્ટર), અશોકભાઇ ગાંધી (ડિરેક્ટર), ભૌમિકભાઇ શાહ (ડિરેક્ટર), હસમુખભાઇ ચંદારાણા (ડિરેક્ટર), વિક્રમસિંહ પરમાર (ડિરેક્ટર), નવીનભાઇ પટેલ (ડિરેક્ટર), શૈલેષભાઇ મકવાણા (કો–ઓપ્ટ ડિરેક્ટર), ભવાનીસિંહ રાઠોડ (એ.જી.એમ.–બેંકિંગ) વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી હનુમાન ચાલીસાના પાઠનું સામૂહિક પઠન





જાગૃત કર્મચારી મંડળ અને રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીલિ.ના સંયુક્ત ઉપક્રમે શ્રી હનુમાન ચાલીસના પાઠનું સામૂહિક પઠન યોજાયેલ અને તેમાં બહોળી સંખ્યામાં નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મસાલાયુકત અડદિયાનું વિતરણ






જાગૃત કર્મચારી મંડળ અને રાજકોટ નાગરિક બેંક કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લિ. ના સંયુકત ઉપક્રમે મસાલાયુકત અડદિયા તૈયાર કરાયા હતા અને નફા–નુકશાન વગર નાગરિક પરિવારજનોને વિતરણ કરયા હતા.

પ્રતિવર્ષ માફક આ વર્ષે પણ પરિવારજનોએ ઉત્સાહભેર અડદિયાનો ઓર્ડર આપેલ ૧૧૦૦ કિલો અડદિયા વિતરણ કરાયા હતા.

આ અવસરે દિનેશભાઇ પાઠક અને વિપુલભાઇ દવેએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન ઉમેદભાઇ જાનીએ કર્યું હતું.

# ૨૬ જાન્યુઆરી - પ્રજાસત્તાક પર્વે ધ્વજવંદન અને ભારતમાતા પૂજન યોજાયું

**ગ્રાહક બેંકમાં આવે ત્યારે તેને સંપૂર્ણ સંતોષ પામે, માત્ર સંતોષ નહિ પણ તેને આનંદ પણ થવો જોઈએ : દિનેશભાઈ પાઠક**

**આજના સમયે દરેક નાગરિકે પોતાનું કર્તવ્ય નિભાવવાનું છે : પરાગજી અભ્યંકર**

## આપણે સંકલ્પ લેવો જોઈએ કે ભારતને દરેક ક્ષેત્રમાં સર્વોચ્ચ બનાવવા માટે આપણે પ્રયત્નશીલ રહેશું : અમૃતભાઈ ગઢીયા

આપણી બેંક દ્વારા ૨૬ જાન્યુઆરી – પ્રજાસત્તાક પર્વે બેંકની બહારગામની શાખાઓમાં અને રાજકોટમાં હેડ ઓફિસ ખાતે ધ્વજવંદન અને ભારત માતા પૂજન યોજાયું હતું.

શ્રી પરાગજી અભ્યંકરે વક્તવ્યમાં જણાવ્યું હતું કે, 'આપ સહુ એક પરિવાર તરીકે કાર્ય કરો છો એટલે આ બેંકની પ્રતિષ્ઠા ફક્ત ગુજરાતમાં જ નહિ પરંતુ, દેશભરમાં છે. સારી અને ઉત્તમ કાર્યપદ્ધતિની સાથે અંતિમ વ્યક્તિનું કલ્યાણ કરવાની ભાવના સાથે દેશના વિકાસમાં દરેકનું યોગદાન થઈ શકે, આવી શ્રેષ્ઠ ભાવના સાથે આ બેંકની સ્થાપના થઈ અને ત્યાર બાદ બેંક સાથે જોડાયેલ દરેક લોકોએ આ શ્રેષ્ઠ ભાવનાને આજ સુધી કાયમ જાળવી રાખી છે. આ ખૂબ જ ગર્વ અને હર્ષની વાત છે. ૧૫ ઓગષ્ટ ૧૯૪૭માં આપણો દેશ આઝાદ થયો. આ દેશને ચલાવવા માટે એક સિસ્ટમ જરૂરી બને એટલે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ બંધારણ અમલમાં આવ્યું. આ



ગણતંત્રને આધારે જ આપણો દેશ રાત–દિવસ પ્રગતિ તરફ આગળ વધતો જોવા મળે છે. એક સમય એવો હતો કે વિશ્વમાં કોઈ આપણા દેશનું નામ પણ લેતા નહિ એટલું જ નહિ, આપણા દેશના લોકો વિદેશમાં આપણા દેશનું નામ લેવામાં શરમ અનુભવતા હતા એની સામે આજે પ્રગતિની દોટ એટલી આવી કે આજે વિશ્વભરમાં આપણા દેશનું નામ ગર્વથી લેવાય છે. આજે સમગ્ર વિશ્વને ભારત પ્રતિ એક આશા બંધાયેલી જોવા મળે છે. દુનિયાને આશા છે કે વિશ્વમાં જે અશાંતિ છે, ભેદભાવ છે, અસમાનતા છે તે દૂર કરવા માટે કોઈ મહત્વપૂર્ણ ભાગ ભજવી શકે તો તે ભારત દેશ છે. આજના સમયે દરેક નાગરિકે પોતાનું કર્તવ્ય નિભાવવાનું છે. આ કર્તવ્યનું જ્ઞાન સ્કૂલ કે કોલેજમાંથી નહિ, પરંતુ, ઘર અને પરિવારમાંથી મળે છે.'

શ્રી દિનેશભાઈ પાઠકે સ્વાગત પ્રવચનમાં શુભકામના આપતાં જણાવ્યું હતું કે, 'પ્રજાસત્તાકની

વાત આવે એટલે તુરત જ અટલજી યાદ આવે. પ્રજાસત્તાક એટલે હિન્દીમાં ગણતંત્ર. ગણ એટલે પ્રજા અને તેનું તંત્ર. વાસ્તવમાં ગણતંત્ર ક્યારે કહી શકાય. અટલજી કહેતા કે છેવાડાના માનવીનો જ્યારે ઉદય થાય તો એને ગણતંત્ર સાચા અર્થમાં કહી શકાય. નીતિનિયમો તો બધા આપણે બનાવી લઇએ. પરંતુ નીતિનિયમોના આધારે છેવાડાનો માણસ, અંતની પંક્તિમાં ઉભેલો માનવ, અંત્યોદય થવો જોઇએ. પ્રજાની સત્તા આવવી જોઇએ. આ વાતમાં પ્રજાની સુખાકારી શામાં એ પ્રત્યે આપણા સૌની નજર હોવી જોઇએ. આપણા પૂર્વ ચેરમેનશ્રી નલિનભાઇ વસા ઘણી વખત એવું કહે છે કે આપણું માધ્યમ બેંક છે. તો બેંકના માધ્યમથી હું આ અંત્યોદયનો વિચાર કેવી રીતે કરી શકું. કોઇકના જીવનમાં આપણી બેંકના વ્યવહાર થકી પરિવર્તન આવ્યું હોય, એને સુખાકારીનો અનુભવ કર્યો હોય, જીવન જીવવાનો સંતોષ મળ્યો હોય, આ પ્રકારે હું કરું છું કે નહિ ? આજના પ્રજાસત્તાક પર્વે આ વિચાર જરૂરી છે. માત્ર સત્તા નહિ, પરંતુ, સત્તાના માધ્યમથી બધાનો ઉદય થાય, બધાની સુખાકારી વધે, બધાના મનમાં સંતોષ થાય. આ ભાવના સાથે આપણે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવી જોઇએ. બેંકની વાત કરીએ તો આપણી પ્રજા એટલે આપણી બેંકમાં આવનારો ગ્રાહક. ગાંધીજીએ તો ગ્રાહકને પરમેશ્વરનો દરજ્જો આપ્યો છે. એની સુખાકારી માટે આપણે શું કરી શકીએ. ગ્રાહક બેંકમાં આવે ત્યારે તેને સંપૂર્ણ સંતોષ થવો જોઇએ. માત્ર સંતોષ નહિ, પણ તેને આનંદ પણ થવો જોઇએ. એટલે કસ્ટમર સેટીસ્ફેકશન અને કસ્ટમર ડિલાઇટ. આ બે વસ્તુ આપવામાં, ઘણી વખત આપણે પોતે સેટીસ્ફાય થઇ જઇએ છીએ. મેં એને સંતોષ આપ્યો છે. એને લાગે કે ન લાગે. એનાથી એક પગલું આગળ જઇને એ આનંદિત થઇને જાય. એટલે જ મને લાગે છે કે, અંત્યોદયની વાત કરીએ છીએ, ત્યારે, મારા વ્યવહારથી કે મારા આ બેંકના માધ્યમથી મારી જે પ્રજા છે એટલે ગ્રાહક, એની સુખાકારી માટે, એના સંતોષ માટે વિચાર કરી હું કાર્ય કરીશ તો આ પ્રજાસત્તાક પર્વે એક નવી જ દિશામાં આપણે વિચારતાં થશું.'

શ્રી અમૃતભાઇ ગઢીયાએ જણાવ્યું હતું કે, 'આ ગણતંત્ર આપણા ગૌરવશાળી તંત્રનું પ્રતીક છે. આપણા તંત્રનો ગૌરવનો ઉત્સવ છે. આપણું સંવિધાન ફક્ત હક્ક આપે છે તેવું નથી ફરજ પણ શીખવે છે. આપણો તિરંગો આપણે શીખવે છે કે દરેક પરિસ્થિતિમાં દેશની અખંડિતતા અને ગૌરવ જાળવી રાખવું જોઇએ. ગણતંત્ર દિવસ ફક્ત ઉત્સવ મનાવવાનો દિવસ નથી પરંતુ આત્મનિરીક્ષણ અને સંકલ્પ લેવાનો દિવસ છે. આપણે સંકલ્પ લેવો જોઇએ કે આપણા ભારતને દરેક ક્ષેત્રમાં સર્વોચ્ચ બનાવવા માટે પ્રયત્નશીલ રહેશું.'

રાજકોટમાં અતિથિવિશેષ તરીકે શ્રી પરાગજી અભ્યંકર (અખિલ ભારતીય સેવા પ્રમુખ – રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ) અને શ્રી અમૃતભાઇ ગઢીયા (પ્રમુખ, શાપર–વેરાવળ ઇન્ડસ્ટ્રીયલ એસો.) ઉપરાંત બેંક પરિવારમાંથી શ્રી દિનેશભાઇ પાઠક (ચેરમેન), શ્રી જીવણભાઇ પટેલ (વાઇસ ચેરમેન), ડિરેક્ટરગણમાંથી શ્રી માધવભાઇ દવે, શ્રી કલ્પેશભાઇ ગજ્જર, શ્રી ભૌમિકભાઇ શાહ, શ્રી વિક્રમસિંહ પરમાર, ડો. શ્રી એન. જે. મેઘાણી, શ્રી હસુભાઇ ચંદારાણા, શ્રી નવીનભાઇ પટેલ, શ્રી ચિરાગભાઇ રાજકોટીયા, શ્રી વિનોદ કુમાર શર્મા (સીઇઓ– જનરલ મેનેજર), બોર્ડ ઓફ મેનેજમેન્ટમાંથી શ્રી શૈલેષભાઇ ઠાકર, શ્રી હંસરાજભાઇ ગજેરા, શ્રી દીપકભાઇ મકવાણા, શ્રી વિનોદભાઇ લાઠીયા, શ્રી વિજયભાઇ કોઠારી ઉપરાંત શાખા વિકાસ સમિતિના સદસ્યો, ડેલિગેટ્સ, આમંત્રિત મહેમાનો અને નાગરિક પરિવારજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ધ્વજવંદન અને ભારતમાતા પૂજન બાદ યોજાયેલ કાર્યક્રમમાં ભારતમાતા અને અરવિંદભાઇ મણીઆરની તસવીરને દીપપ્રાગટ્ય કરાયેલ. અતિથિ વિશેષ શ્રી પરાગજી અભ્યંકર અને શ્રી અમૃતભાઇ ગઢીયાને ખાદીનો રૂમાલ, પુસ્તક અને સ્મૃતિચિહ્નો આપી સ્વાગત કરાયેલ.

આ અવસરે બેંકના મહિલા કર્મચારી શ્રી જીજ્ઞાબેન મારડીયા, શ્રી પૂજાબેન ચારોલીયા, શ્રી સ્નેહાબેન કોઠારી, શ્રી ઉર્વીબેન પાડોલીયા, શ્રી ધ્વનિબેન મનોરમ્ય અને પ્રાસંગિક રંગોળી બનાવેલી હતી.

સરળ અને મનનીય સંચાલન શ્રી પ્રશાંતભાઇ અઘેડા અને આભાર દર્શન શ્રી માધવભાઇ દવેએ કર્યું હતું.

# બેંક દ્વારા રૂા. ૧ લાખનું વીમા સુરક્ષા કવચ સભાસદોને મહત્ત્વનો આર્થિક સધિયારો

**આપણી બેંક દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી સભાસદોને રૂા. ૧ લાખનું વીમા સુરક્ષા કવચ અપાયેલું છે. જેનું પ્રિમિયમ બેંક ચુકવે છે.**



**વાંકાનેર શાખા :** બેંકના સભાસદ શ્રી સચીનભાઈ સુરેશભાઈ પડીયાના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રુપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી કલ્પેન્દુભાઈ મહેતા, પૂનમબેન પડીયા (વારસદાર), દીપકભાઈ બકરાણીયા, ઉમેશભાઈ કંડોલીયા, ઘનશ્યામભાઈ ઢોલરીયા, વિનોદભાઈ શાહ અને સુરેશભાઈ પટેલ.



**મવડી પ્લોટ શાખા :** બેંકના સભાસદ શ્રી અશોકભાઈ પ્રાગજીભાઈ રાઠોડના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રુપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી ડો. બટુકભાઈ પરસાણા, સવજીભાઈ મેંયડ, નવીનભાઈ પટેલ, નટુભાઈ ચાવડા, જગદીશભાઈ લીંબાસીયા, મુકેશભાઈ તન્ના, ડો. ભાવિનભાઈ વીઠલાણી, રક્ષિતભાઈ બુદ્ધદેવ, મહેશભાઈ વદર અને સરોજબેન અશોકભાઈ રાઠોડ (વારસદાર).



**મવડી પ્લોટ શાખા :** બેંકના સભાસદ શ્રી દિનુભાઈ વલ્લભભાઈ સરવૈયાના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રુપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી ડો. બટુકભાઈ પરસાણા, સવજીભાઈ મેંયડ, નવીનભાઈ પટેલ, નટુભાઈ ચાવડા, જગદીશભાઈ લીંબાસીયા, મુકેશભાઈ તન્ના, ડો. ભાવિનભાઈ વીઠલાણી, રક્ષીતભાઈ બુદ્ધદેવ અને રમાબેન દિનુભાઈ સરવૈયા (વારસદાર).



**કાલાવડ રોડ શાખા :** બેંકના સભાસદ શ્રી રાજેશભાઈગીરી ઈશ્વરગીરી ગોસ્વામીના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રુપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી વિમલભાઈ રૂપારેલીયા, અશ્વીનભાઈ મહેતા, ડો. મેહુલભાઈ મિત્રા, ડો. જયેશભાઈ રાજ્યગુરૂ, નવીનભાઈ પટેલ, ડો. પ્રકાશભાઈ મોઢા, નીતિનભાઈ મણીયાર, જયેશભાઈ સંઘાણી, શ્રૃતિબેન બલદેવ અને નિશાબેન રાજેશગીરી ગોસ્વામી (વારસદાર).



**બેડીપરા શાખા :** બેંકના સભાસદ શ્રી દીપ્તીબેન જયેશભાઈ પરમારના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રુપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી પ્રકાશભાઈ મૂલે, મધુરભાઈ નરસિયન, જયેશભાઈ માવજીભાઈ પરમાર (વારસદાર), ચંદ્રેશભાઈ ધોળકીયા, ગોરધનભાઈ કાપડીયા, ધરમશીભાઈ નાથાણી અને પરાગભાઈ મહેતા.



**કાલાવડ રોડ શાખા :** બેંકના સભાસદ શ્રી અનસુયાબેન ભાનુભાઈ ભુવાના દુઃખદ અવસાન બાદ બેંકે લીધેલ સભાસદોના ગ્રુપ વીમા અંતર્ગત રૂા. ૧ લાખના વીમાની રકમનો ચેક આપતા ડાબેથી અશ્વિનભાઈ મહેતા, ડો. મેહુલભાઈ મિત્રા, ડો. જયેશભાઈ રાજયગુરૂ, નવીનભાઈ પટેલ, ડો. પ્રકાશભાઈ મોઢા, નીતિનભાઈ મણીયાર, જયેશભાઈ સંઘાણી, શ્રુતિબેન બલદેવ અને ભાનુભાઈ બાવાભાઈ ભુવા (વારસદાર).

**બેંકની સભાસદ કલ્યાણકારી સુવિધા અને ગ્રાહકલક્ષી વિવિધ યોજનાઓની માહિતી મેળવવા માટે**
**મો. ૯૪૨૮૨ ૮૬૨૬૮ ઉપર મિસ્ડ કોલ કરો અને તુરંત માહિતી મેળવો અથવા**
**સંપર્ક કરો : સભાસદ પરિવાર સેવા કેન્દ્ર, રાજકોટ, ફોન : ૨૨૨૩૯૧૯, ૨૨૨૩૬૮૫૫**

## વાચન પરબ : સલીમ સોમાણી, અભિમન્યુ મોદી, રામ મોરી, હરેશભાઇ ધોળકિયા, પ્રણવ ત્રિવેદી

**આપણી બેંક દ્વારા દર મહિને ત્રીજા શનિવારે વાચન પરબ અંતર્ગત ખ્યાતિપ્રાપ્ત પુસ્તક ઉપર સ્વયં લેખક કે વક્તા મનનીય રજૂઆત કરે છે. તાજેતરમાં રજૂ થયેલા મણકાની વિગત...**



### સમયની સાથે રહેવા માટે અને સમયથી આગળ પણ જવા માટે 'બ્રીડા' પુસ્તક બહુ ઉપયોગી થાય તેવું છે : સલીમ સોમાણી

વાચન પરબના ૮૫ મણકામાં લેખક પોલો કોએલોની નવલકથા 'બ્રીડા'ની રસપ્રદ વાત વક્તા સલીમ સોમાણીએ રજુ કરી હતી.

તેમના વક્તવ્યની એક ઝલક, 'સમયની સાથે રહેવા માટે અને સમયથી આગળ જવા માટે આ પુસ્તક બહુ ઉપયોગી થાય તેવું છે. બહુ જ સરળ ભાષામાં અનુવાદ થયો છે. ઘણા બધા વૈજ્ઞાનિકોના જીવન ચરિત્ર વાંચીએ એટલે ખ્યાલ આવે છે ઘણા બધા યુગો પસાર થઇ ગયા હોય કે સદી પસાર થઇ ગઇ હોય. પરંતુ, આ સમય બાદ અંતે એવી શોધ મળે કે જે ન થયું હોત તો તે નવી શોધ ન મળી હોત. આધ્યાત્મિકતાની શોધ માટે કોઈ રસ્તો ખોટો હોતો જ નથી. કોઈપણ પ્રવૃત્તિ કે કામમાં દાખલ થાવ ત્યારે તે તમને સંમોહિત કરી દે, આ યાત્રા વાઈનથી ડીવાઈન સુધીની છે. જાદુની વાત આપણને હંમેશા ગમે કારણ કે જે વસ્તુ આપણને સમજાય નહિ, તે આપણને ગમે. બ્રીડામાં તેણી ક્યારેય હતાશ થતી નથી. આ નવલકથા કહે છે કે આખું વિશ્વ આપણા માટે છે, પરંતુ, આપણી પાસે ધીરજ ન હોવાથી તેને મેળવી શકતા નથી. આ નવલકથા બ્રીડાને નવા મુકામ ઉપર લઈ જાય છે. નાવીન્ય હંમેશા આપણને ગમતું હોય છે.'



### શેરલોક હોમ્સની એક કે બે વાર્તા વાંચો એટલે આપણી જિંદગીમાં પરિવર્તન આવ્યા વગર રહે નહિ : અભિમન્યુ મોદી

વાચન પરબના ૮૬ મણકામાં લેખક–ડો. આર્થર કોનન ડોયલની નવલકથા 'ધ હાઉન્ડ ઓફ ધ બાસ્કરવિલ્સ' ની મનનીય વાત વક્તા – લેખક – કોલમિસ્ટ નાટ્યકાર અભિમન્યુ મોદીએ રજુ કરી હતી.

તેમના વક્તવ્યની એક ઝલક, 'ધ હાઉન્ડ ઓફ ધ બાસ્કરવિલ્સ'એ લખવી પડેલી વાર્તા છે, ઈચ્છાથી નથી આવી. લેખક કોનન ડોયલે એમની ત્રીજી જ નવલકથામાં શેરલોક હોમ્સને મારી નાખ્યો. બીજા જ દિવસે લંડનમાં ૨૦ હજાર લોકોએ હાથ ઉપર કાળી પટ્ટી સાથે દેખાવો કર્યો અને સંખ્યાબંધ પિટિશન દાખલ કરી કે તમે અમારા શેરલોકને મારી જ કેમ શકો ? આથી આ નવલકથા લખવામાં આવી. શેરલોક હોમ્સની એક કે બે વાર્તા વાંચો એટલે આપણી જિંદગીમાં પરિવર્તન આવ્યા વગર રહે નહિ. શેરલોક હોમ્સને સાહિત્યમાં રસ નહિ, કવિતામાં રસ નહિ પરંતુ કેમિસ્ટ્રીમાં ખૂબ જ રસ હતો. ફક્ત એ જ વાંચે. શેરલોક કહે છે કે કોઈ પણ વસ્તુ કે જગ્યાને જોવું અને નિરીક્ષણ કરવું આ બંનેમાં ખૂબ જ ફરક છે. આ વાર્તાના લેખક બહુ જ બૌદ્ધિક લખતાં, છતાં પણ વાંચકોને ગમતા.'



### ભારતીય સાહિત્યમાં પહેલીવાર કૃષ્ણની પત્ની સત્યભામાના દ્રષ્ટિકોણથી કૃષ્ણકથા કહેવાઈ રહી છે : રામ મોરી

વાચન પરબના ૮૭ મણકામાં લેખક–નાટ્યકાર–સંવાદ લેખક–કોલમિસ્ટ–નેશનલ એવોર્ડ વિજેતા રામ મોરી દ્વારા લિખિત 'સત્યભામા' ની મનનીય વાત સ્વયં લેખકે જ રજુ કરી હતી.

તેમના વક્તવ્યની એક ઝલક, 'કૃષ્ણના જીવનમાં રુકમણી, રાધા, મીરાં જેટલું જ મહત્ત્વ સત્યભામાનું છે. સત્યભામા વ્યક્તિ નથી, એક ભાવ છે. કૃષ્ણની ૧૬,૧૦૭ રાણી એમ કહે છે કે અમે સૌભાગ્યશાળી કે કૃષ્ણ મળ્યા. પરંતુ કૃષ્ણની પટરાણી સત્યભામા કહે છે કે કૃષ્ણ સૌભાગ્યશાળી કે હું મળી. સત્યભામા કૃષ્ણને કહે છે કે તમે દરિયાનું તળિયું માપીને દ્વારિકા ઉભી કરી, પરંતુ નારીના મનનું તળિયું તમે માપી ન શક્યા. અહીં કૃષ્ણને પામવાની સત્યભામાની પોતીકી યાત્રા છે. ભારતીય સાહિત્યમાં પહેલી વાર કૃષ્ણની પત્ની સત્યભામાના દ્રષ્ટિકોણથી કૃષ્ણકથા કહેવાઈ રહી છે. સત્યભામા આજીવન એવા ભ્રમમાં રાજી રહી કે કૃષ્ણ સૌથી વધારે પ્રેમ માત્ર અને માત્ર તેને જ કરે છે. સૌથી સુંદર વાત કે એનો આ ભ્રમ કૃષ્ણે ક્યારેય તોડયો નથી. હું સત્યભામા છું. હું ટોળાનું કારણ હોઈ શકું, પણ ટોળું નહિ.'



**સામાન્ય માણસ બીજું તો કંઈ ન કરી શકે, પરંતુ, પ્રતિભાશાળીને હેરાન કેમ કરવા તે તેને આવડે છે**
**: હરેશભાઈ ધોળકિયા**

વાચનપરબના ૮૮મા મણકામાં લેખક–શિક્ષક–આચાર્ય, કોલમિસ્ટ, સંચાલક, વિવેચનકાર હરેશભાઈ ધોળકિયા લિખિત 'અંગદનો પગ'ની રસપ્રદ પ્રસ્તુતિ સ્વયં લેખકે જ કરી હતી.

તેમના વક્તવ્યની એક ઝલક, 'આ દુનિયામાં બે પ્રકારના માણસો હોય છે. એક પ્રતિભાશાળી અને બીજા સામાન્ય માણસો. હવે, સામાન્ય માણસને પ્રતિભાશાળી થવું છે પરંતુ, ક્ષમતા નથી. તો, તેઓ શું કરશે? એક અન્ય, સામાન્ય માણસની પ્રશંસા કરી આગળ વધે પણ તે તો કરશે નહિ. બીજું, હું આગળ ન વધી શક્યો, તને પણ આગળ વધવા નહિ દઉં. સામાન્ય માણસ બીજું તો કંઈ ન કરી શકે પરંતુ, પ્રતિભાશાળીને હેરાન કેમ કરવા તે તેને આવડે છે. પ્રતિભાશાળીની ખૂબી એ છે કે તેમનું હોવું એ જ ખૂબી છે. પ્રતિભાશાળીનું લક્ષણ એ છે કે તે ટીકા ન કરે કે કોઈને ઉતારી ન પાડે. બીજા ભૂલ કરે તેને સુધારી પણ આપે.



**તમારે જે જોઈતું હોય તે મળી જાય એટલે સફળતા અને જે તમને મળ્યું છે તેને માણી જાણો એટલે સુખ**
**: પ્રણવ ત્રિવેદી**

વાચનપરબના ૮૯મા મણકામાં ન્યુરોલોજીસ્ટ, પદ્મશ્રી ડો. સુધીર વી. શાહ લિખિત 'સુખોપનિષદ'ની બહુ વિચારતા ઓછું લખતા અને સાવ ઓછું પ્રગટ કરતા, પૂર્વ બેંકર, પ્રણવ ત્રિવેદીએ રસપ્રદ પ્રસ્તુતિ કરી હતી.

તેમના વક્તવ્યની એક ઝલક, 'સુખ એ દુઃખની ગેરહાજરી છે કે બીજું કંઈક છે. પુસ્તકમાં આપણી અંદર એક વ્યાપક સૃષ્ટિ રચવાની તાકાત છે. આ પુસ્તક જ્યાં સુધી વાંચશો નહિ ત્યાં સુધી તેની મજા નહિ માણી શકો. ગુણવંત શાહ લખે છે કે નસીબદાર માણસ સફળ થશે અને વધુ નસીબદાર માણસ સુખી થશે. જેમાંથી તમને આનંદ મળે છે તેમાંથી ઊર્જા મળે છે. તમારે જે જોઈતું હોય તે મળી જાય એટલે સફળતા અને જે તમને મળ્યું છે તેને માણી જાણો એટલે સુખ. હકારાત્મકતા કેળવવાથી સરેરાશ સુખની માયાજાળમાંથી બહાર નીકળી શકાય છે. પરિવર્તનને સ્વીકારવાની તૈયારી એટલે સુખ. પોતાના કંટ્રોલમાં ન હોય તેના વિશે વાત કરીને લોકો દુઃખી થાય છે. એકાગ્રતા કેળવવા માટે આપણો શોખ આપણને મદદ કરે છે. જજમેન્ટ કરવાની વૃત્તિ ન રાખો, પરંતુ, સ્વીકાર ભાવ રાખો.'

## શ્રદ્ધાંજલિ

બેંકના ઓડિટ વિભાગના કર્મચારી સિદ્ધાર્થભાઈ દવેરાના દાદીમા **મધીબેનનું** દુઃખદ અવસાન થયું છે.

બેંકની પરાબજાર શાખાના કર્મચારી નારણભાઈ સાટીયાના માતુશ્રી **પમુબેન (ઉ.વ. ૬૨)**નું દુઃખદ અવસાન થયું છે.

બેંકના પૂર્વ ડિરેક્ટર સ્વ. પ્રવીણભાઈ કારીયાનાં ધર્મપત્ની **શારદાબેન (ઉ.વ.૮૪)** નું દુઃખદ અવસાન થયું છે.

બેંકના ઓડિટ વિભાગના કર્મચારી પૂજાબેન વાળાના સસરા **સુનિલભાઈ (ઉ.વ.૬૫)**નું દુઃખદ અવસાન થયું છે.

બેંકની ડો. યાજ્ઞિક રોડ શાખાના કર્મચારી કોમલબેન કાનાબારનાં સાસુ અને પૂર્વ કર્મચારી કિરીટભાઈ કાનાબારનાં **ધર્મપત્ની ઉષાબેન (ઉ.વ.૬૫)**નું દુઃખદ અવસાન થયું છે.

પરમકૃપાળુ પરમાત્મા સર્વે સદ્ગતના આત્માને ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

## દાવો ન કરેલ થાપણો (Unclaimed Deposits) નિષ્ક્રિય ખાતાઓ (Inoperative accounts) ને દાવા / સક્રિય કરવાની પ્રક્રિયા

**સંબંધિત અરજીફોર્મ અને KYC ના જરૂરી ફોર્મ્સ માટે બેંકની કોઈપણ નજદીકી શાખાનો સંપર્ક કરો અથવા બેંકની વેબસાઇટની મુલાકાત લઈ ફોર્મ ડાઉનલોડ કરો.**

### ખાતું ઑપરેટિવ કરવા માટેનું ફોર્મ

https://rnsbindia.com/RNSB/Form/ApplicationforActivationofInoperative.PDF

### DEAF ફોર્મ

https://rnsbindia.com/RNSB/FrmDeaf.php

### વારસદાર અરજીફોર્મ

https://rnsbindia.com/RNSB/Form/Nominee_Claim_Form.PDF

### KYC ફોર્મ

https://rnsbindia.com/RNSB/Form/CombinedKYCForm.PDF

**ફોર્મ સાથે ઑરિજિનલ આઈડી પ્રૂફ અને લેટેસ્ટ એડ્રેસ પ્રૂફની સત્તાવાર નકલ, તાજેતરના ફોટાઓ તથા બાંધી મૂદત થાપણ / પાસબુક / ખાતાની વિગત જોડીને શાખામાં જમા કરાવશો.**




**SAHAKAR SAMANVAY :** **APRIL-MAY-JUNE 2025**
RNI NO. GUJGUJ/2013/49787 I Printed & Published by : VINOD KUMAR SHARMA I On Behalf of Owner : RAJKOT NAGARIK SAHAKARI BANK LTD. I Place of Publication : "ARVINDBHAI MANIAR NAGARIK SEVALAY", 150' RING ROAD, NEAR RAIYA CIRCLE, RAJKOT - 360005, (GUJARAT). PH. (0281) 2555555. Printed At : **Print Town Pvt. Ltd.** Kishor Kunj, 1/7 Ramkrishnanagar, Rajkot. Mo. 9428 22 66 99,
Email : Info@parshvaprinters.com, Web : www.parshvaprinters.com, Editor : ALPESH JAYSUKHLAL MEHTA